નમૂનો-ઘ
(જુઓ નિયમ-૪(૨)
બીજા જાહેર સત્તા મંડળને લગતી અરજીની તબદીલી

૩૫૮૦-૨૧૭

જા.નં./ક-૫/માહિતી અધિ-૦૫/૧૯-૨૦
જાહેર માહિતી અધિકારી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
વડોદરા, તા.૦૧/૧૦/૨૦૧૯

પ્રતિ,
જાહેર માહિતી અધિકારી અને આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ,
તમામ.

મહિતીનો અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળ શ્રી પોપટસિંહ કેશુસિંહ ઠાકોર ની મા.અધિ-૦૫ હેઠળની અરજી અત્રેની કચેરીને તા.૧૨-૦૯-૧૯ નાં રોજ અત્રે મળેલ છે, તે જોવા વિનંતી.

૨/- સદરહું અરજીની માહિતીનાં મુદ્દા નં. ૧ ની જરૂરી માહિતી / દસ્તાવેજની વિષયવસ્તુ આપના જાહેર સત્તા મંડળ/વિભાગ/કચેરીનાં કાર્યો સાથે નિકટતાથી સંકળાયેલ હોવાથી, તે આગળની જરૂરી કાર્યવાહી માટે આ સાથે સંપૂર્ણપણે તબદીલ કરવામાં આવે છે, આ કચેરીની જાણ હેઠળ અરજદારને માંગેલ માહિતી પુરી પાડવા જણાવવામાં આવે છે.

૩/- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અરજદારે નિયમ-૫ (ક) પ્રમાણે અરજી ફી પેટે રૂા.૨૦/- (ફકત રૂપિયા વીસ પૂરા.) ચૂકવેલ છે.

જાહેર માહિતી અધિકારી
જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

બિડાણ : અરજીની નકલ.

<u>નકલ રવાના : (જાણ તથા માંગેલ માહિતી મેળવવા હવે પછી ઉકત સંસ્થાનો સંપર્ક કરવો.)</u>

પ્રતિ,

- શ્રી પોપટસિંહ કેસુસિંહ ઠાકોર, મુ.પો.મેથી, તા.કરજણ, જિ. વડોદરા.

Scanned by CamScanner

... ૨૦૦૫ હેઠળના ...

## 'ક' પ્રમાણે માહિતીની માંગણી કરતી અરજી

<u>રજી.પોસ્ટ એ.ડી.ટપાલ</u>

તારીખ :- ૧૨/૦૮/૧૮

૧. પ્રતિ,

જાહેર માહિતી અધિકારીશ્રી,

C/o મા. જિલ્લા શિક્ષણાધિકારી સાહેબશ્રી,
મા. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું કાર્યાલય,
અનાવિલ ભવન સામે, કારેલીબાગ
વડોદરા.

---

**(૨).અરજદાર :-**

ઠાકોર પોપટસિંહ કેશુંસિંહ

મુ.પો.મેથી,તા.કરજણ,જિ.વડોદરા

મો.નં. ૯૭૨૩૯૦૦૮૯૯

PIO

---

(૩). આવશ્યક પ્રમાણિત કરાયેલી નકલો /માહિતીની યાદી

આ સાથે બીડાણ નકલ પેજ નં :- ૦૩

(૪). હું આથી જણાવું છું કે માંગવામાં આવેલી માહિતી, માહિતીના અધિકાર બાબતના અધિનિયમ -૨૦૦૫ની કલમ -૮ અથવા કલમ -૯ હેઠળ માહિતી જાહેર કરવામાંથી મુક્તિ આપેલી હોય તેવા વર્ગ હેઠળ આવરી લેવામાં આવેલી નથી તેમજ મારી ઉત્તમ જાણ મુજબ અમોએ માંગણી કરેલી તમામ માહિતીનું રેકર્ડ આપની કચેરીમાં ઉપલબ્ધ છે.

(૫). આર.ટી.આઇ એકટ -૨૦૦૯ ની કલમ -૮ (૧ -જે) ની જોગવાઇ મુજબ જે માહિતી દેશની સંસદ સમક્ષ તેમજ રાજ્યની વિધાનસભા સમક્ષ રજુ કરવાપાત્ર થતં હોય તેવી તમામ માહિતી આપની કચેરી / આપના તાબાના સબંધિત તમામ જાહેર સત્તા મંડળ તરફથી અચુક મળવાપાત્ર થાય છે.

(૬). આ અરજી મારફત માંગણી કરેલ જે કોઇ માહિતીનું રેકર્ડ આપની કચેરીમાં મોજુદ હોય નહી તો આર.ટી.આઇ એકટની કલમ -૬ (૩) ની જોગવાઇ મુજબ પુરેપુરી અથવા તો આંશિક રીતે સબંધિત અન્ય જાહેર સત્તામંડળને અમારી આ અરજીના લાગુ પડતા મુદ્દાઓની જાણ કરી નિયત નમુના -'ઇ' પ્રમાણે આ અરજીનો સ્વીકાર કર્યા પછીનો મહત્તમ દિન -પાંચમાં અમારી આ અરજી તત્કાળ તબદીલ કરવામાં આવે અને અમોને રજી.પોસ્ટ એ.ડી.ટપાલ મારફત જાણ

RTI
PIO
15-8-18

Scanned by CamScanner

[illegible] ટીકીટ
ચોંટાડેલી છે.



(૮). અમોએ માંગણી કરેલી તમામ માહિતી અમોને રજીસ્ટર પોસ્ટ પાર્સલ સર્વિસ મારફત અમોને રવાના કરવામાં આવે એવી અમારી અરજ છે.

(૯). જે માહિતી અમોને પુરી પાડવામાં આવે તેની વિગતો તેમજ જે કારણાસર માંગણી કરેલી માહિતી પુરી પાડી શકાય તેમ ન હોય તેની વિગતો આર.ટી.આઇ.રૂલ્સ 'ડી' મુજબ અચૂક જણાવવામાં આવે.

(૧૦). અમોએ માંગણી કરેલી માહિતીનું રેકર્ડનું આપની કચેરી ખાતે 'રેકર્ડ ઇન્સ્પેકશન' કરવાના હકકો - અધિકારો આર.ટી.આર એકટ -૨૦૦૫ ની જોગવાઇ હેઠળ મળેલા હોય આ અરજીનો સ્વીકાર કર્યા પછીના દિન -૧૦ ની સમયમર્યાદામા. 'રેકર્ડ ઇન્સ્પેશન' કરવાના તારીખ અને સમયની અમોને રજીસ્ટર પોસ્ટ એ.ડી. ટપાલ મારફત અમોને લેખિત જાણ કરવામાં આવે એવી અમારી અરજ છે.

(૧૧). અમોએ જે માહિતીની માંગણી રજુ કરેલી છે તે તમામ માહિતી સબંધિત રેકર્ડનું અમો 'રેકર્ડ ઇન્સ્પેશન' કરીએ તે સમય દરમ્યાન અમો જે રેકર્ડની પ્રમાણિત નકલો માંગણી રજુ કરીએ તે પ્રમાણિત કરાયેલી રેકર્ડની નકલો પુરી પાડવાના કામે નિયત નમૂના -'સી' પ્રમાણે ભરપાઇ કરવાપાત્ર થતા ખર્ચના નાણાંની જાણ અમોને રજીસ્ટર પોસ્ટ એ.ડી. ટપાલ મારફત અમારી આ અરજીનો સ્વીકાર કર્યા પછીના મહત્તમ ત્રણ અઠવાડીયાની સમયમાર્યદામા અમોને અચુક લેખિત જાણ કરવામાં આવે એવી અમારી આપશ્રી સમક્ષ નમ્ર વિનંતી છે.

બસ એજ લી.

Scanned by CamScanner

પેજ નં:-૦૩

**માંગણી કરાયેલ માહિતી / પ્રમાણિત કરાયેલી નકલો ની યાદી**

૧. આપ સાહેબશ્રીની તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓ માં આપ સાહેબશ્રીની કક્ષાએથી તારીખ **૧૬/૦૮/૨૦૧૭** પછી પટાવાળા માંથી જુ.કલાર્ક તરીકે તથા જુ.કાલર્ક માંથી સિ.કલાર્ક તરીકે બઢતી આપવામાં આવેલ હોય તેવા તમામ કર્મચારીઓની બઢતીના હુકમોની પ્રમાણિત નકલો .

(સહી)

ચી.કે.ઠાકોર.

Scanned by CamScanner